સ્વરાજ્ય સાથી

કળિયુગ કાવ્યમાળા.

રચી, છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈદ્ય સોમચંદ જેઠાલાલ.

ઠે. ઢાળની પોળમાં ખારાકુવાની પોળ—અમદાવાદ.

ચા'થી ચતુરાઈ ઘટે, ઘટે વીર્ય ને વાન;
બીડી તો બુરૂ કરે, આયુષ્યને નુકશાન.

આવૃત્તિ ૩ જી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૭—સને ૧૯૨૧.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પોપટલાલ
અમથાભાઈએ છાપ્યું. ઠે. રીચીરોડના પુલ નીચે.
નંબર ૧૧૬—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૧-૦

કોણ વીર ભારતમાં એવો કરે કાળ ને દેશ નીકાલ.

સવૈયા.

કુસંગતથી થાય ખરાબી સારા વસ્ત્રપર ડાગ જણાય;
મોહ સ્વાદ અને ટેશ વધ્યાથી જુઓ મૃત્યુ વહેલું થાય.
હતભાગી ભારતને ચુસે ફેશનરૂપી કળી કાળ;
કોણ વીર ભારતમાં એવો કરે કાળ ને દેશ નીકાલ.
માન તજાવ્યું ભાન ભુલાવ્યું ગૌરવનું આણ્યું અવસાન:
હતો હિંદ મસ્તાન જ્ઞાનમાં આજ ગણે છે સૌ નાદાન.
દાનો દુશ્મન સારો જગમાં ફેશનબાઇ કરે ભુંડા હાલ;
કોણ વીર ભારતમાં એવો કરે કાળ ને દેશ નીકાલ.
ભીષ્મ, ભીમ, પ્રાકર્મી ધનંજય જેની ફુંકે ફાટે પહાડ:
સમર ક્ષેત્રના શૂરા સૈનીક સમર પૃથુ કર્યા વીર પ્રતાપ.
ભારત રત્ન હતા દીગ વીજયો બન્યા બાપડા તેના બાળ;
કોણ વીર ભારતમાં એવો કરે કાળ ને દેશ નીકાલ.
કોશ ચાલતાં શ્વાસ ભરાયે પચે ન ખાધુ અન્ન પાશેર:
ખેં ખેં કરતાં ખસે પાંસળી વૈદરાજ નીત આવે ઘેર.
બળ્યું બીજ ઉગે નહી રહેજે આજ ઉગેલું મરશે કાલ;
કોણ વીર ભારતમાં એવો કરે કાળને દેશ નીકાલ.
ભાઇ ભણ્યા તો પરણ્યા છીએ મોટપ મોટી એમાં આજ;
લાલચ વશ થઇ કરે કજોડાં જાણે જીત્યું જગનું રાજ.
પાછળથી ભવેડા થાયે દાની દુનીમાં જુએ તાલ;
કોણ વીર ભારતમાં એવો કરે કાળ ને દેશ નીકાલ.
છોકરો ભણુવા જાય નિશાળે બી. એ. પદની છે ઉર આશ;
જુગલ બાલુડાં રમે બારણે બાળલગ્નનો ઠીક પ્રકાશ.
બાળ લગ્ન રૂપ યજ્ઞ કુંડની સમીપ હોતા બધા અણુધ,

આહુતી દે બાળ લગ્નની કર્મ થાય છે ધર્મ વીરૂદ્ધ.
કન્યાવિક્રયથી વ્યભિચાર વધ્યો છે થશે હીંદ તણા બેહાલ;
કોણ વીર ભારતમાં એવો કરે કાળ ને દેશ નીકાલ.

મોક્ષ ગણીએ મુર્ખતા નેમ ગણીએ વ્હેમ;
સુધરેલી શાળા વીષે સ્વચ્છંદ ગણીએ પ્રેમ.

ગઝલ.

હું થઇ ઘણી હુશીઆર, ભણી સુધરેલી શાળામાં.
પ્રથમ શીખી ભૂપાતાં, પછીથી ચા' ટીફીન કરતાં;
સારા અક્ષરો લખતાં, ભણી સુધરેલી શાળામાં.
વાક્યની જોડણી કરતાં, સીખી સરવાળા ગણતાં;
વળી ઇતિહાસને ભુંગોળ, ભણી સુધરેલી શાળામાં.
કો'દી રાંધતાં જમતાં ન શીખ્યાં પતિને પીરસતાં;
પતિ સાથે શીખ્યાં ફરતાં, ભણી સુધરેલી શાળામાં.
ગુણાકારને ગણતાં, શીખ્યાં બાદ બાકી કરતાં;
સગાંના પ્રેમને તજતાં ભણી સુધરેલી શાળામાં.
સૅકહૅન્ડને કરતાં, સ્વામીનો હક માગી લેતાં;
બેસતી બંગડીઓ પહેરતાં, ભણી સુધરેલી શાળામાં.
જેને સ્વચ્છંદતા ગણીએ, અમે તે પ્રેમને ગણતાં;
છુટથી કાગળો લખતાં, ભણી સુધરેલી શાળામાં.
મધુરી ભાષાઓ બોલતાં, શીખ્યાં પતિને પજવતાં;
પ્રભુને ઠગવા શીખ્યાં, ભણી સુધરેલી શાળામાં.

માન ગયું દાનજ ગયું, નિતી જતાં બહુ શોક;
દેશી દુશ્મન થઇ પડ્યા, કાન ધરે જો કોક.

ભણીને ભુલા પડયા.

ભણ્યા અમે બહુ ખંતથીરે, કોઇ નોકરી રાખોરે;
ભણ્યા અમે બહુ ખંતથી. એ—ટેક.
મેટ્રીક એમે એમઆરે, જુવો બી, એ થયા પાસરે;
રાત દીવસ મહેનત કરી, નોકરી મેળવવા ખાસરે. ભણ્યા.
યસ નોન ગોટપીટ કરતારે, અમે શીખ્યા બહુ ભારીરે;
ડ્રેસ પહેર્યો શોભતો, અમારી જુવો હુંશીઆરીરે. ભણ્યા.
હુન્નર અમે નથી શીખીઆરે, નથી તેની નીશાળરે;
ઇતિહાસ ભુગોળ વીગેરે, અમે શીખ્યા તત્કાળરે. ભણ્યા.
ભણનારા જેમ વધીઆરે, તેથી લેશન વધ્યાં આજરે;
ચસ્મા આંખે આવીઆ, પાકી ગયાં મગજરે. ભણ્યા.
સરકાર નોકરી આપેછેરે, પણ વધુ ક્યાંથી લાવેરે;
એક જગ્યા ખાલી પડતાં, પચી પચા અરજી આવેરે. ભણ્યા.
અમને માન સૌ આપતારે, તમે થયા વીદ્વાનરે;
નોકરીઓ અમે શોધીએ, એવા બન્યા નાદાનરે. ભણ્યા.
રજવાડામાં મળે નોકરીરે, જેને વગવસીલોરે;
વિદ્યાને માન નથી આપતા, જોઇએ વસુ વસીલોરે. ભણ્યા.
તેથી અમો ટેલ નાખીએરે, કોઇ નોકરી રાખોરે;
નહીતો નોકરી અપાવો તો, ઉપકાર માનીએ આખોરે. ભણ્યા.
હુન્નર સીખવા જોઇએરે, વળી ખાવા જોઇએ દામરે;
પૈસા ક્યાંથી લાવીએ, રળવા પૈસા કેમરે. ભણ્યા.
નોકરી વીના નથી સુઝતુંરે, જીંદગી એળે જાયરે;
અડધી કાઢી ભણતરમાં, બાકી ધન વીના ધોવાયરે. ભણ્યા.
આગેવાનો હુન્નર કાઢવારે, સૌને ઉપદેશ કરતારે;
કહેનારા નથી કરતા, તાલીઓ પાડી ઘેર જાતારે. ભણ્યા.

શ્રીમંતો સુઈ ગયારે, રજવાડા ક્યાંથી જાગેરે;
બોલનારા બોલી રહ્યા, કેને હૈયે વાગેરે. ભણ્યા.
સોમચંદ કહે તમે સાંભળોરે, નથી વિદ્યાને માનરે;
ભણીને ભુલા પડ્યા, નહી સુણે કોઈ કાનેરે. ભણ્યા.

હોટલ વિષે.

ચા'યે ટાળ્યું શીરામણ ને બીડીએ ટાળ્યો હોકો;
ફેશને ટાળી લાજ મરજાદ છત્રીએ ટાળ્યો ધોકો.

હોટલમાં જઈએ હોંશથીરે, પડયો ચા'યનો સ્વાદરે;
હોટલમાં જઈએ હોંશથી. ટેક.
હોટલ હૈયાનો હાર છેરે, ચા જઠરાને ઠારનાર;
બીડી છાતીનું તેજ છે, બન્ને વીર્યને તાવનાર. હોટલ.
ઉઠતાં બેસતાં બીડીઓરે, ઉપર બીસકુટ ચા'યરે;
ખોખું થયું ક્ષય રોગનું, થયો છાતીમાં દાહરે. હોટલ.
પહેલા પ્રહરમાં ઉઠતારે, લેતા પ્રભુનુ નામરે;
આજ તો બીડી મુખમાં, કાંડી ઘસતા તમામરે. હોટલ.
પાયખાનામાં બેશીનેરે, બીડી પીવો છો આજરે;
નાના મોટા સર્વે દેખાદેખી મુકી લાજરે. હોટલ.
ચાર આનાની ચાં બીડીઓરે, એક આનાનાં પાનરે;
પાંચ આના રોજ જોઈએ, ઘણા પીવે છે વાઈનરે. હોટલ.
ઘંટી ચાટે ઘરનાં છોકરારે, નથી ખાવાને અન્નરે;
હોયે હોટલ મને વ્હાલી, ભલે ભુખે મરે તનરે. હોટલ.
રામ બીડીનું નામ છેરે, ચા' પ્રભુનું નામરે.
દેવ-મંદીર હોટલ છે, ચાલો જઈએ તમામરે. હોટલ.

ડોકટર વૈદ્ય હકીમનેરે, ગળે પડી બીડી આયરે;
સોમચંદ કહે હવે શું કરૂં, નથી મારો ઉપાયરે. હોટલ.

જુનો જમાનો.

જુનો જમાનો વહી ગયોરે, આવ્યો નવો જમાનોરે;
જુનો જમાનો વહી ગયો. ટેક.

જે જે ગોપાળ મુખ બોલતારે, હતા ગવપાળકરે;
સાહેબજી મુખ ઉચારતાં, બન્યા ઘોડાપાળ કરે. જુનો.
ઘેર ઘેર ગાયો પાળતારે, ખેતીવાળા પાળે ભેંસોરે;
દુધ દહીંથી વાળુ કરતા, આજે સક્રેટ દુધ છાશોરે. જુનો.
દુધના સંચા થયા દેશમાંરે, તેમાં દુધ પીલાયરે;
માંખણ મલાઇ પરદેશમાં, દેશી કુચા ખાયરે. જુનો.
ખેડુતોએ ખેતી મુકીનેરે, ગુલામગીરી કરવા માંડીરે;
ઉત્તમ ધંધો ખેતીનો, નીચે ધંધે નજર પહોંચાડીરે. જુનો.
ધનવાનો કોઠારે ભરતારે, તમે કોઠીએ ભરતા અન્નરે;
રૂપીઆનું લાવી ખાવછો, એવો આવ્યો છે દીનરે. જુનો.
દુકાળથી નહોતા ડરતારે, આજે રોજ દુકાળરે;
ઉપરથી ટાપટીપ રાખતા, અંદર પેઠોછે કાળરે. જુનો.
શરીરમાં તે પેસીનેરે, બેઠા પીવેછે લોહીરે;
લ્હોગે આંખો નથી ખુલતી, તમે ફેશનબાઇ મોહીરે. જુનો.
ઘોડા ગાડીઓ દોડાવતારે, ભલે મોટરોમાં બેસોરે;
નાણાં લોકોનાં જમે રાખીને, કંપની થાપણો ઓળવશોરે. જુનો.
હાટ ભાડે ઘર ભાડેછેરે, જુવો વાણોતરને વ્યાજરે;
શેઠાણી બેઠાં લાપસી જમે, નથી દેવાળામાં લાજરે. જુનો.

કળીયુગ ઘેર ઘેર.

કળીયુગ ઘેરઘેર વ્યાપીઓરે, ભજવે નવા નવા ખેલરે;
કળીયુગ ઘેરઘેર વ્યાપીઓ. ટેક.
ગુરૂએ શાસ્ત્ર ભણાવીઓરે, દીધુ વિદ્યાનું દાનરે;
ચેલે ગુરૂની સેવા કરી, આપી ગાળોનું માનરે. કળીયુગ.
માબાપે ઉછેર્યો બેટડોરે, મોટા થયે દેશે સુખરે;
પરણ્યા પછી થયો નારનો, માબાપને દીધુ દુઃખરે. કળીયુગ.
સાસુ રસોડામાં રાંધતીરે, વહુ હીચકે હવા ખાયરે;
વહુને વશ બેટા થયો, કે'તો નથી કાંયરે. કળીયુગ.
બાપ દીકરાને નથી બનતુંરે, માને દેછે ગાળરે;
સાસરીઆનો થઇ રહ્યો, કેને ઉછેર્યો બાળરે. કળીયુગ.
નિર્ધનને ત્યાં છોકરારે, નથી ખાવાને ધાનરે;
ધનવંતને એકે નહી, જ્યાં ખાવાનું છે અન્નરે. કળીયુગ.
નીચ તણે ઘેર લક્ષ્મીરે, ઉચ્ચ અતિ રીબાયરે;
પાપી સુખને ભોગવે ધર્મી દુઃખે દુભાયરે. કળીયુગ.
નારી રૂવેછે બાળનેરે, નથી થતો મને એકરે;
રાંડી રાંડને થાય છે, કરે ગર્ભાપાત અનેકરે. કળીયુગ.
ભગવાં પહેરે છે લુગડાંરે, મોટા ભક્ત કહેવાયરે;
કથા કીર્તન અતિ કરે, ભોળા જન ભોળવાયરે. કળીયુગ.
ખરા સાધુ જડતા નથીરે, ઢોંગી સાધુ પુજાયરે;
માલ મલીદા ખાયછે, ખરા વનફળ ખાયરે. કળીયુગ.
સોમચંદ કરે છે વીનતીરે, હવે થયો આડો આંકરે;
સાધુ સુધરે તો સઉ સુધરે, તેમાં કેનો કાઢું વાંકરે. કળીયુગ.

જુના રીવાજને જુતુ માર્યું.

જુના રીવાજને જુતુ મારીયુરે, પેઠા નવા રીવાજરે;
જુના રીવાજને જુતુ મારીયું ટેક.
નારી પહેરે પોલકુંરે, પહેરે જીણાંરે વસ્ત્ર;
શરીર બધું દેખાય છે, તેમાં જાળાં છે સહસ્ત્ર. જુના.
પહેરે પીળા ધોળા ઘાઘરારે, નીચે ઝાઝી છે ઝુલરે;
વાંકી પાથી પાડી પ્રેમદા, આવ્યો કળીયુગ હળાહળરે. જુના.
હાથે ચુડી નથી શોભતીરે, પહેરે બંગડીઓ આજરે;
પર પુરૂષ કર આલતાં, નથી આવતી લાજરે. જુના.
પહેરી સપાટ રોફ મારતીરે, ચાલે ચમકતી ચાલરે;
અડધે માથે ઓઢતાં, નથી આવતી લાજરે. જુના.
કાંટા નાકે નથી શોભતારે, ચુની પેરે છે નારરે;
ગયાં કહાંને કાંચળી, પેઠો પોલકાંનો રીવાજરે. જુના.
જુના ઘાટ નથી શોભતારે, જોઇએ નવા નવા ઘાટરે;
દરજી સોનીને કમાવવા, કેવો રચ્યો છે ઠાઠરે. જુના.
કુવે પાણી નથી ખેંચવારે, નહી ઘંટી તણાયરે;
ઘેર બેઠે પાણી આવતુ. સંચે લોટ દળાયરે. જુના.
સવાર બપોર કે સાંજનોરે, પીવા જોઇએ ચાયરે;
તે વીના કામ નથી સુઝતુ, રસોડાની માંયરે. જુના.
સાસુ સસરા જેઠનીરે, નથી કાઢતી લાજરે;
ધણીને ધમકાવતી, કેમ કાંઇ લાવ્યા ન આજરે. જુના.
ખાવા પીવાને ઓઢવારે, બીજુ કાંઇ ન કામરે,
ધણી કમાય કે ન કમાય, મારે જોઇએ તમામરે. જુના.
ધણી જુવાનો સેવજોરે, નથી પહેરવાનો સોનરે;
સતી સ્ત્રી કોને કહીએ, તજે સોળ શણગારરે જુના.

વહુ દીકરી રાંડી રાંડનેરે, નહી ઓળખો ભાઇરે.
સરખુ હીંડવું ને સરખુ પહેરવું, સરખુ બોલવાનુ કાંયરે. જુના.
સોમચંદ કહે જગદીશનેરે, હવે થયો આડો આંકરે.
નજરે જોયું તેવું લખીયું, નથી તેમાં મારો વાંકરે. જુના.

ફેશનબાઇ.

ફેશનબાઇ પધારીયાંરે, તમે જુવો ભાઇ આજરે;
ફેશનબાઇ પધારીયાં. ટેક.
ફેનશી પહેર્યા પોલકાંરે, ફેનશી સાડી અડધે માથેરે;
પહેર્યા ફેનશી ઘાઘરા, પાડી માથે આડી પાંથીરે. ફેશન.
નાકે ચુની શોભતીરે, હાથમાં ફેનશી રૂમાલરે;
કેડે કુંચીઓનું ઝુમખું, જુવો ફેશનબાઇનો તાલરે. ફેશન.
પગે સપાટો ઓપતીરે, કંઇ પહેરે બુટ આજરે;
પાન બીડી મુખે ચાવતી, જાય ઉભી બજારરે. ફેશન.
ભણેલી ચશ્મા ચઢાવીનેરે, નજર માંડી નીહાળેરે;
મડમ સરખી બની ઠની, ચાલે હસ્તે ચેરેરે. ફેશન.
ઝીણાં પહેર્યાં લુગડાંરે, જેથી અંગ દેખાયરે;
પર પુરૂષે અંગ દેખીયું, સતી નારી ન કહેવાયરે. ફેશન.
રાંડી માંડી સરખી બનીરે, નહી ફેશનમાં ફેરરે;
નાકે ચુની કાચની બંગડી, નહી પહેરે રાંડી નારરે. ફેશન.
પહેરવા ઓઢવા ફરવારે, જેને આપી છે છુટરે;
તેને વ્યભીચાર વળગ્યો, સોમચંદ કહે છે ખચીતરે. ફેશન.

ફેશન વળગી ભાઇને.

ફેશન વળગી ભાઇનેરે, તમે જુવો તેમના ડ્રેશ રે;
ફેશન વળગી ભાઇનેરે. ટેક.
છેલ છબીલા બનવારે, રોજી હજામની વધારીરે.
પાછળથી ફેનસી કાતરી, આગળ વાળ વધારીરે. ફેશન.
સેન્ટ લવન્ડર આરસીરે, માથે આંબળાનું તેલરે;
આગળ એોળી પાડી પાથીએો, ભાઇ બન્યા તાલમેલરે. ફેશન.
માથે ટોપી ઘાલી શોભતીરે, વળી પહેર્યું ખમીસરે;
કોટ પાટલુન પહેરીને, બોલે વેલ વેલ ધીસરે. ફેશન.
બુટ સ્ટોકીંગ ના ઉતરેરે, ફરતાં ઘરમાં કે બહારરે;
રાખ્યો આડંબર ઇંગ્લીશ રીતનો, બન્યા ઇંગ્રેજ બાળરે. ફેશન.
ખીસ્સામાં ઘડીઆળ છેરે, હાથે શોભે છે કફરે;
ગળે કલર નેકટાઇન, પહેરી મારે છે રોફરે. ફેશન.
બીડી સીઝર ચીરૂટનારે, સળગાવી કાઢયા ગોટારે;
પાનની બીડી ચાવતાં, ઘરમાં વાળ્યા ગડબડ ગોટારે. ફેશન.

કેમ ! કળીયુગ નથી વ્યાપ્યો.

કેમ કળીયુગ નથી વ્યાપીગોરે, જુઠું બોલે નરનારરે;
કેમ કળીયુગ નથી વ્યાપીગો. ટેક.
ધર્મી કરમી નથી દેખતારે, મોટો વરત્યો જગમાં કેરરે;
અધર્મી અથડાય છે, આજ જુવો ઠેરેઠેરરે. કેમ.
પતીવ્રતા (નારી) નથી દેખતારે, પરનરશું કરે નેહ;
મલીનતા વ્યાપી જગમાં, બગડયો સૌનો દેહરે. કેમ.
પાખંડીઓએ ખાધી પૃથ્વીરે, ખાધાં ધુતારે દેશરે;

અધર્મ ઝાઝો થાય છે, સહુજનમાં પેઠા કલેશરે. કેમ.
ઘણા સાધુએ માળા જપતારે, જારી રમવા ઇચ્છું ચીત્તરે;
શુદ્ધ રહી શું ભજશે, નરકે પડવાની રીતરે. કેમ.
ન્હાય નહી ઘણા સાધુઓરે, પ્રભુની સેવા કેવી હોયરે;
સ્વધર્મનુ મુળ જાણનાર, એવા નજરે દીઠા કોયરે. કેમ.
દેશમાંથી દવ લાગીઓરે, દંભીક જનનું ભારે ડોળરે:
ગાદી છોડી કળીયુગમાં નરપતિ ધરશે હોળરે. કેમ.
રજપુતોનું શુર ઘટીયુંરે, નહી મેળવે રણમાં જીતરે;
ખત્રીયા નીર્બળ થઇ રહ્યા, ભુમી થઇ છે નષ્ટરે. કેમ.
દારૂ ઘણો વપરાય છેરે. ઊંચી વર્ણમાં આજરે;
નીચા કર્મોથી બુદ્ધી બગડી, લોપી કુળની લાજરે. કેમ.
પૃથ્વીમાંથી પાક ઘટીયોરે, પુરતો થાય નહી વરસાદરે;
નદીયો સુકાવા લાગી, મેલી સીંધુએ મરજાદરે. કેમ.
દુધ ઘટયું ગાય ભેંસનુંરે, ઘોડાગાડીએ જોડાયરે;
દુનીયામાં ઉલટું થાય છે, વધ્યો અસત્ય ઉન્માદરે. કેમ.
પોતાના ધણીને ખવરાવતીરે, કંઇ નારીઓ ઝેરરે;
એક બીજાની જોડે જાય છે, કળીએ કીધો કાળો કેરરે. કેમ.
ભાર બોજ સૌનાં ઘટીયારે, ઘડયાં સગાનાં હેતરે;
મા બાપ ભુખે મરતાં, દીકરા ભરે છે પેટરે. કેમ.
નીચ ઉચમાં ફેર ના રહ્યોરે, વધ્યું હોટલનું જોરરે;
ખાલી ભભકા બતાવતા નથી તનમાં તોરરે. કેમ.

વીપ્રો સુધરે તો સૃષ્ટી સુધરે.

બ્રાહ્મણો શીખ્યા ભીખ માગતારે, કરમે રહ્યું પતરાળુરે;
બ્રાહ્મણો શીખ્યા ભીખ માગતા. ટેક.
નહાવું ધોવું નથી ગમતુંરે, નથી આચાર વીચારરે;
વેદના શાસ્ત્રો ન ભણ્યા, મુકી સંધ્યાને પુજાયરે, બ્રાહ્મણો.
પુસ્તક પાનાં મુકયાં પેટીમાંરે, મુકયો ગાયત્રીનો પાઠરે;
વીપ્રે વહેપાર ઝાલીયો, ભજવે ભીક્ષાનો ઠાઠરે. બ્રાહ્મણો.
મુખે મંત્ર ઉચ્ચારતારે, આવતા દેવ સન્મુખરે;
મુખે આશીર્વાદ આપીને, દેતા સર્વને સુખરે. બ્રાહ્મણો.
ચાવે તમાકુ મુખથીરે બન્યા બીડીના પીનારરે;
દારૂ ગાંજો અને ભાંગના, હુવા શોખીન અપારરે. બ્રાહ્મણો.
સૃષ્ટી વીપ્રો ધ્રુજાવતારે; ધ્રુજે મોટા મોટા રાયારે;
તે વિપ્રો ચાલ્યા ગયા, હવે રહ્યા નમાયારે. બ્રાહ્મણો.
જોશ જોનારા નથી જોશીઓરે, નથી પંડીતોના લેખરે;
સાત પેઢીનાં નામ બોળીયાં, ઉપર મારી છે મેખરે. બ્રાહ્મણો.
ચા' પીવા હોટલમાંરે, જુવો વીપ્રો જાયરે;
સૌની સાથે બેસીને, પુરી સાક ભજીયાં ખાયરે. બ્રાહ્મણો.
પીતામ્બર પહેરી નાહ્યા વીનારે, જાય જમવાને આજરે;
વીપ્રો રહ્યા છે નામના, લાડુ જમવાને કાજરે. બ્રાહ્મણો.
વીપ્રોને દેવ સમ ગણતારે, પુજતા તેમના પાયરે;
વીપ્રો કહે તેમ કરતા, એવા વિપ્રો નથી કાંયરે. બ્રાહ્મણો.
સોમચંદ કહે જગ ઈશનેરે, લાખા લખું કેટલા લેખરે;
વીપ્રો સુધરે તો સૃષ્ટી સુધરે, મારી વિધાતાએ મેખરે. બ્રાહ્મણો

બાળલગ્ન નવ કરશો.

બાળલગ્ન નવ કરશોરે, તેમાં પડશે વીઘનરે;
બાળ લગ્ન નવ કરશો. ટેક.
જો કદી જોડું તે ઉછરેરે, મળતો નાવે સ્વભાવરે;
આખી ઉમરમાં એહનો, દેખો દુ:ખનો દેખાવરે. બાળ.
મોટી ઉમરની બાળા થાય છેરે, જ્યારે ઉપજે અંકોરરે;
તેના મુખની ગાળો, ખાય મા બાપ ગોરરે. બાળ.
સમજણ કાચી બાળાતણીરે. નહી મન તેનું ઠારરે;
કહો તે કેમ કરાવીએ, આખા ભવનો કરારરે. બાળ.
પંચને સાક્ષી રાખીનેરે, અગ્નિ રાખી જમાનરે;
શું સમજે નાનાં બાલુડાં, જેને જરીએ ન જ્ઞાનરે. બાળ.
માબાપની મુરખાઇનોરે, એતો છે આડો આંકરે;
વાંકું થયા પછી બોલતાં, કાઢે કરમનો વાંકરે. બાળ.
લ્હાવો લેવાની લાલચેરે, કંઈ પૈસા લેવા કાજરે;
આંખ્યો મીચીને ઊંડે કુવે, નાખે બાળાને આજરે. બાળ.
બાર વરસની બાળીકારે, જણી કરશે શું ન્યાલરે;
કાં તો મરે એ બાળીકા, નહી તો મરે તેનો બાળરે. બાળ.
છોકરો નીશાળે ભણતોરે, કાં તો મોઇ દંડે રમતોરે;
બાળા પરણાવી બાળને, કેવું સુખ ભોગવતોરે. બાળ.
કાચાં બંધારણ તોડાવીયાંરે, જોવા પૌત્રનું મુખરે;
પુત્રનું સુખ ગુમાવીયું, જુવો બાળ વીધવા દુ:ખરે. બાળ.
પાછળથી પરતાઇએરે, એવો કરીને અનર્થરે;
પાણી પીને ઘર પુછવું, એથી સરે શું અર્થરે. બાળ.
જેવુ બી (ખેતરમાં) વવરાવશોરે, તેવું લણશો ભાઇરે;

કાચા બીના છોડવા, જુવો જાય છે ચીમરાઇરે. બાળ.
બાળ વીધવાનું દુઃખ દેખીનેરે, તમે કરશો વીલાપરે;
સોમચંદ કહે હવે શું કરૂં, પહેલાં મુકયો ગળે કાપરે. બાળ.

મળ્યાં છે આ ફેશનથી.

ગજલ.

સુખો સઘળાં સરસ રીતે મળ્યાં છે આ ફેશનથી,
મુકી છે લાજ અને મરજાદ મળી છે છુટ મનગમતી;
સુધારાના થયા સાથી જુવોને આ ફેશનથી.
બધે ફેશન રહી છાઇ ગમેના તે વીના કાંઇ;
એઠાં પીઓછો પાણી જુવોને આ ફેશનથી.
ફાવે તે ઢંગથી ફરવું નીડર થઇને નહી ડરવું;
રૂચે તે મનથી કરવું જુવોને આ ફેશનથી.
નથી કોઇની મારે પરવા બન્યા છીએ અમે ગરવા;
અમે છીએ સદા નવરા જુવોને આ ફેશનથી.
થયા સટ્ટા ખોયા વહેપાર દલાલીનો આવ્યો દી;
દીવાળાને દીપાવાને જુવોને આ ફેશનથી.

સુખી મેં કોઇના જોયા

ગજલ.

સુખો જોયાં મે સરવેનાં સુખી મેં કોઇના જોયા.
સૃષ્ટીમાં સરવે છે દુઃખી કોઇના શેક છે રોગી;
શેઠાણી લ્હેર ઉડાવે સુખી મેં કોઇના જોયા.
કોઇના પુત્ર રાયજાદા રાંડોમાં જઇને મ્હાલે;
કોઇ જુગારને ખેલી પિતાના નામને બોળે.
કોઇતો પુત્રના માટે દેવી દેવલાં માને;

કોઇની બ્હેન દીકરીઓ રાંડીને ઘરમાં મ્હાલે.
સુખો ભોગવવા માટે જમે થાપણો રાખે છે
રડાવી રાંડી રાંડોને દીવાળાં કૈંક કાઢે છે;
દીકરીઓના લઇ પૈસા માબાપો સુખ ભોગવે છે,
દીકરીઓતો ભલે રૂવે સુખી મેં કોઇ ના જોયા.
થાયે ઘણા ટ્રસ્ટી ગાડી ઘોડા દોડવવાને,
થયા ટ્રસ્ટી રૂવે બચ્ચાં સુખી મેં કોઇ ના જોયા.
વહેપાર ખેલે છે વીમા ઉતરાવીને મોટા,
અકસ્માતે ઉડાવે લ્હેર સુખી મેં કોઇના જોયા.

પૈસાનું ભજન.

પૈસા પૈસા પૈસા ત્હારી માયા જગતમાં ઝાઝીરે;
નવ સમજે બાલકડાં ન્હાનાં તે પણ પૈસે રાજીરે. પૈસા.
સાધુ સન્યાશી બાવા ભુવા તે પૈસાના રાગીરે;
ચીત ચળે નર છોટા મોટા પૈસે નારી ભાગીરે. પૈસા.
પાયે રાંટો અકલ ન છાંટો કેવો કદરૂપ લાગે રે;
પણ રઢીઆળો કહે રૂપાળો મોહ પૈસાનો વાગે રે. પૈસા.
પૈસે ગણવું પૈસે ભણવું પૈસા વીણ સહુ ભામારે;
પ્યાર કરી બોલાવે પૈસે કાકા બાપા મામારે. પૈસા.
બોલે મીઠા પૈસે ખોટા અમલમાં કર્યા ગોટારે;
બગનુ ધ્યાન ધરીને બેઠા જોગી ભોગી લંગોટારે. પૈસા.
શેઠ કહી સલામો ભરતા માનસહીત બોલાવેરે;
તમ જેવા જગમાં ન દેખું પૈસાને લાડલડાવેરે. પૈસા.
પૈસે ગાડી પૈસે ઘોડા પૈસે સ્નેહી જોડારે;
ખરા અંતકરણથી નિરખો સંતોષી નર થોડારે. પૈસા.

હવે શું વાંચશો ?

મારૂં પોગળ.

અમૃતલાલ.

બાધા મારી મા લાડુ ઉપરથી ઉતરી દાળ ઉપર જા, એકુત અને સ્કીટાટ બાળરભાઇ ભણ્યા, ઘરબારી દુધ ચોખા જમ્યા, વીદ્વાન જીતે કે ધનવાન જીતે, વકીલ મી. ઇસક-લાલ આતે પુર્નલગ્ન કે પશ્ચાતાપ, બાદશાહી કુટુંબ, નેમ-ચંદ ગુણકાના ફંદમાં ફસાયા કે, તરસ્યો બ્રાહ્મણ, કાના કુંભારની માટલી વગર ચાલશે નહી, બાપુ અમરસંગ ? વગડે વગડે ફારગતી ને ગામમા એનુ એ, ચા બીડી, દારૂ, ખાંડ, કેસર, વીગેરે તેર દ્રષ્ટાંતો બોધ દાયક લખાણ, રાગ-રાગણીથી ભરપુર દરેક સ્ત્રી પુરૂષો અને બાળકોને વાંચવા લાયક, ગ્લેજ કાગળ ચોસઠ પાના મુળ કીંમત આઠ આ હતા તે ઘટાડી ફક્ત ચાર આના રાખી છે, બહાર ગ વાળાએ પાંચ આનાની ટીકીટો બીડવી.

મળવાનું ઠેકાણું,

વૈદ્ય સોમચંદ જેઠાલાલ શાહ.

ઢાલની પોળમાં ખારાકુવાની પોળ.

ધ્યાન રાખજો.

થોડા વખતમાં ત્રણ આનામાં ફેશનબાઈ અને પાંચ આનામાં સત્યવાન સાવિત્રી બ્હાર પડશે.